Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना मत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



જેમનું મુખ આનંદનું સ્થાન છે. જેમનું હૃદય ભીંજાયેલું છે. જેમની પાણીમાંથી અમ્રત ઝરે છે અને જેમના કાર્યો બીજાના ઉપકાર માટે નીવડે છે તે ગુણી પુરૂષો કોને વંદનીય નથી? અર્થાત સર્વને વંદનીય છે.

પુસ્તક ૯૬ મું અંક ૭-૮ ૭મી એપ્રીલ ૧૯૭૭ 卐 વીર ૨૫૦૩ વિક્રમ સંવત ૨૦૩૩

## વૈશાખ - જેઠ

: પ્રગટ :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## —: अनुक्रमणिक :—


| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | મન | સ્વ. માસ્તર શામજી હેમચંદ દેસાઈ | ૩ |
| ૨. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | શરણાર્થી | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૫ |
| ૪. | જૈન સતા અને જૈન સતીઓ | વકીલ ડાયાભાઇ મોતીચંદ | ૭ |
| ૫. | ઓઘાની હરીયાળી | હીરાલાલ ર. કાપડીયા | ૯ |
| ૬. | પંચ પરમેષ્ઠિ ભગવંત | મુનિ ચરણ વિજયજી | ૧૦ |
| ૭. | અનુમોદનિય સમાચાર | તંત્રી | ૧૧ |
| ૮ | રાજ પ્રસાદી | અમર | ૧૨ |
| ૯. | વિશ્વમાન્ય ધર્મ | શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૪ |
| ૧૦. | ઉત્તમ સંપત્તિ ચારિત્ર | ( ડહેલાવાળા ) | ૧૫ |
| ૧૧. | પ્રબળ આશા | વસંત | ૧૬ |



**શાન્તીનાથ ચરીત્ર**

ગુજરાતી ભાષાંતર


પ્રત આકારે કી. રૂા. ૬-૦૦

મળવો :- **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**

કાંટાવાળો ડેલો, ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૬ મુ | ગૈશાખ–જેઠ | વીર સં. ૨૫૦૩
અંક ૬ ઠ્ઠો | | વિક્રમ સં. ૨૦૩૩

## મન

(મન મેલ હુવેમગરૂરી, રહી જાશે વાત અધુરી એ રાગ૦ ભૈરવીરાગ)

મનવા તુ વશ પાંચનારી. નારીવશ તો પાંચતારી મનવા એ ટેક ૧
પાંચને પુષ્કળ પરિવારે, તુનપુસક વિચારી, સતી માનુ કે કુલટા
પાંચને જગઆશ્રય થઈતેં મારી મનવા —૧

નારી પાંચે જગ પ્રત્યક્ષને તુ છો પરક્ષવિહારી. પાંચેપરોક્ષતો
તું પ્રત્યક્ષ સ્થિર આચાર્ય અપારી હામનવા—૨

સંપ કુસંપ તો છે પાંચમા, પાંચે ઉદાસીન ધારી
ચતુર આશ્ચર્ય સંસાર મનવા—૩

રચયીતા : સ્વ. માસ્તર શામજી હેમચંદ દેસાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ



(ગયા અંકથી ચાલુ)

લે. શરણાર્થી

તો નિર્માલ્ય! યુદ્ધમાંથી શું હવે પાછો જાઉ? તો મારી વિરેતાને કલંક લાગે શત્રુ મારે માટે કેવો હલકો અભિપ્રાય આપે?

ભલે ને ગમે તે કહે હમણા દેવ આપણને પરાણ મુખ થયેલું છે. અને યાદવોનું ભાગ્ય દિન પ્રતિદિન વૃદ્ધિ પામતું જાય છે. તેથી જ તમારા બળવાન પુત્રને પણ કૃષ્ણ પક્ષના દેવતાઓએ છળ કરીને મારી નાખ્યો. છતાં આપે હાથે કરીને યુદ્ધનો શહુ જગાડયો. "મહામંત્રી રાજાને સમજાવવા લાગ્યા

"ફીકર નહી! આપણા અસંખ્ય બળ અને મારી ભૂજાના પરાંક્રમ આગળ એ યાદવ સૈન્ય નિર્માલ્ય છે. એમ તમારે નિશ્ચય સમજવું "રાજન" આપ યુદ્ધનિતી ભૂલી જાવ છો" મંત્રીએ સમજાવવાનું જારી રાખ્યું.

"એ ફીકર રહો આપણી પાસે બળ ઓછું નથી જરાસંઘે પોતાનું બળ વખાણ્યું. આપને મારી સલાહ આજે રૂચતી નથી પણ દેવ જ્યારે વક્રહોય ત્યાં કયાંથી સૂઝે! હાથે કરીને કૃષ્ણની સાથે યુદ્ધનું આમંત્રણ કર્યું છે એમને જરાય યોગ્ય જણાતું નથી. આટ આટલું થઇ ગયા છતાં પણ જો તમે ઉપેક્ષા કરીને પણ જશો તો તે પણ પોતાની મેળે પાછા વળી જશે હમણા સાહસ કરવાથી ઉલટા આપણા જનો ક્ષય થવાનો છે" હંસક મંત્રીએ ભય બતાવ્યા,

"ઓહ મૂઢ! તને એ સમુદ્રવિજયે ખુટાવ્યો તો નથી ને કે જેથી યાદવના વખાણ કરે છે? શત્રુનું બળ જોઇ શાને ડરી જાય છે। શું કેસરીસિંહ લાખોની સંખ્યામાં રહેલા ગજરાજોથી કદાપિ બીવે છે!" મહારાજ જરાસંઘે ગુસ્સાથી ગર્જના કરી,

"બરાબર છે? ત્રણ ખંડના રાજાઓને કુટીને જાણે સોળ હજાર દેશ વશ કર્યા છે તે હવે પુઠ બતાવે તો તો તેની વીરતાને કલંક લાગે? શુરપુરૂષો રણમાં શત્રુને પીઠ બતાવવા કરતા હસતા વદને છાતી આપે છે" ડિંભકમંત્રીએ ઉતેજન આપ્યું.

તરતજ મહાવીર જરાસંઘે આવતી પ્રભાતેજ યુદ્ધ થવાના સમાચાર સકલ સૈન્યને આપી દીધા દુતીય ચક્ર વ્યુહ રચવાને પોતાના સેનાપતિઓને આજ્ઞા આપી દીધી;

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયાં અંકથી ચાલુ) **શ્રી ત્રિષષ્ટિશલાકા પરૂષ ચરિત્રમાંથી**

અહીં સુકોશલ રાજાની સ્ત્રી ચિત્રમાળાએ એક કુલનંદન પુત્રને જન્મ આપ્યો. તેમનું હિરણ્યગર્ભ નામ પાડયું કારણ કે તે ગર્ભમાંથી જ રાજા થયો હતો. જ્યારે તે યૌવનવયને પ્રાપ્ત થયો ત્યારે મૃગાવતી નામે એક મૃગાક્ષી સ્ત્રી પરણ્યો. તે મૃગાવતી રાણીથી હિરણ્યગર્ભ રાજાને જાણે બીજો હિરણ્યગર્ભ હોય તેવો નઘુષ નામે પુત્ર થયો. એક વખતે હિરણ્યગર્ભને પોતાના મસ્તક પર ત્રીજી વયનું જાણે જામીન (દુત) હોય તેવું એક પળી જોવામાં આવ્યું તેથી તત્કાળ વૈરાગ્ય ઉત્પન્ન થતાં નઘુષને પોતાના રાજ્ય ઉપર બેસારી તેમણે વિમલ મુનિની પાસે દીક્ષા ગ્રહણ કરી. નરોમાં સિંહ જેવા નઘુષને સિંહીકા નામે એક પત્ની હતી, તેની સાથે ક્રીડા કરતો નઘેષરાજા પિતાનું રાજ ચલાવવા લાગ્યો. એક વખતે નઘુષ રાજા પોતાની પત્ની સિંહીકાને રાજ્યમાં મૂકીને ઉત્તરાપથના રાજાઓને જીતવા ગયો. તે વખતે દક્ષિણપથના રાજાઓએ જાણ્યું કે— "અત્યારે નઘુષ રાજમાં નથી, માટે ચાલો આપણે તેમનું રાજ લઇ લઇએ'. આમ વિચારી તેઓએ અયોધ્યા પાસે આવીને ઘેરો નાખ્યો. "શત્રુઓને છળ નિષ્ક જ હોય છે." તે વખતે શિંહિકા રાણીએ પુરૂષની જેમ તેઓની સામે થઇ તેઓએ જીતીને નસાડી મૂકયા. "શું સિંહણ હાથીને મારતી નથી?"

નઘુષ રાજા ઉત્તરાપથના રાજાઓને જીતીને અયોધ્યામાં આવતાં તેણે પોતાની પત્નીએ કરેલા દક્ષિણપથના રાજાઓના વિજયનું વૃતાંત સાંભળ્યું. તે વિચારવા લાગ્યો કે-" અહા! મારા જેવા પરાક્રમીને પણ આ કામ કરવું દુષ્કર તે તો આ સ્ત્રીએ તે કામ શી રીતે કર્યું ? માટે જરૂર તેમાં સ્પષ્ટ ધુષ્ટતા જણાય છે. મહાકુળમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓને તેવું કામ કરવું ઉચિત નથી, માટે જરૂર આ સ્ત્રી અસતી હોવી જોઇએ. સતી સ્ત્રીઓને તો પતિ જ દેવ હોય છે, તેથી તેઓ પતિસેવા વિના બીજું કાંઈ જાણતી જ નથી. તો આવું કામ તો કરે જ કેમ?" આ પ્રમાણે ચિત્તમાં નિશ્ચય કરીને તેણે ખંડિત પ્રતિમાની જેમ એ અતિ પ્યારી સિંહિકાને તજી દીધી

એકદા નઘુષ રાજાને દાહજ્વર ઉત્પન્ન થયો. તે દુષ્ટ શત્રુની જેમ સેંકડો ઉપચારોથી પણ શાંત થયો નહિ. તે સમયે સિંહિકા પોતાનું સતીપણાને જણાવતી સતી બોલી કે -" હે નાથ! તમારા વિના બીજા કોઇ પુરૂષને મેં કયારે પણ જો ઇચ્છયો ન હોય તો આ જળસીંચનથી તમારો જ્વર અત્યારે જ ચાલ્યા જજો." આ પ્રમાણે કહીને તે સાથે લાવેલા જળથી પોતાના પતિ ઉપર અભિષેક કર્યો. તેથી તત્કાળ જાણે અમૃતથી સિંચાયો હોય તેમ તે રાજા જ્વરરહિત થઇ ગયો. દેવતાઓએ સિંહીકા ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને ત્યારથી રાજાએ પણ તેનો પૂર્વવત માંનપૂર્વક સ્વીકાર કર્યો. કેટલોક કાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા પછી નધુષ રાજાને સીંમીકાદેવીથી સોદાસ નામે પુત્ર થયો તે યોગ્ય વયનો થતાં તેને રાજ્ય પર બેસારીને અર્હંતોના અઠાઈ મહોત્સવમાં મંત્રીઓએ પૂર્વ રાજ્યની જેમ અમારી ઘોષણા કરાવી, અને તેઓએ સોદાસને પણ કહ્યું કે—"હે રાજા! તમારા પૂર્વ અર્હંતના અઠાઇ ઉતસવમાં માંસ ખાતા નહી માટે તમે પણ ખાશો નહી, સોદાસે વાત સ્વીકારી પણ તેને સદા માંસભોજન પ્રિય હતું તેથી તેણે રસોઈઆને આજ્ઞા કરી કે= 'તારે ગુપ્ત રીતે અવશ્ય માંસ લાવવું. ૦ સમમે મંત્રીઓએ અમારી ઘોષણા ચલાવેલી હોવાથી રસોઈઆને કોઇ ઠેકાણેથી માંસ મળ્યું નહી. "કોઈ પણ માણુસ આકાશપુષ્પ જેમ અસમ્ વસ્તુને મેળવી શકતો જ નથી" 'આમતેમ ફરતાં કોઇ સ્થાનકેથી પણ પશુ માંસ મળતું નથી અને રાજાની આજ્ઞા છે, તો હવે મારે શું કરવું! એમ વિચાર રસોઇઆએ એક મરેલું બાળક જોયું. રસોઇઆએ તે મૃત બાળકનું માંસ લઇ તેને સુધારી સોદાસને આપ્યું. છે માંસ ખાતો ખાતો મીઠું લાગવાથી તેનું વર્ણન કરવા લાગ્યો કે–'આ માંસનો રસ અતિ તુપ્તિ કરે તેવો છે તે કહે! તેણે કહ્યું–' આ નરમાંસ છે રાજા બોલ્યો હવેથી પ્રતીદીન આવુ નરમાંસ જ સુધારીને મને ખાવા આપજે,' પછી રસોઇઆએ રાજાને માટે પ્રતીદીન નગરના બાળકોનું હરણ કરવા માંડયું. અન્યાય કારણ હોય તો પણ રાજાની આજ્ઞા હોય તો ભય લાગતો નથી." આવી રીતે રાજાને દારૂણ કર્મ કરતારો જાણીને ગૃહમાં ઉત્પન્ન થયેલા સર્પની જેમ મંત્રીઓએ તેને પદભ્રષ્ઠ કરી અરણ્યમાં કાઢી મૂકયો. અને તેના પુત્ર સિંહરથને રાજ્ય ઉપર બેસાર્યો સોદસા નર માંસને ખાતો પથ્વીમાં ઉચ્છંખલપણે ભટકવા લાગ્યો.

એક વખતે સોદાસે દક્ષિણાપથમાં ભમતા ભમતા એક મહર્ષિને દીઠા એટલે તેમને ધર્મ પૂછયો તેને બોધ દેવા લાયક જાણી તે મહામુનીએ મદ્યમાંસનો પરિહાર જેમા પ્રધાનપણે રહેલો છે એવો અર્હંત્ ધર્મ કહ્યો. તે ધર્મ સાંભળી સોદાસ ચકિત થઈ ગયો અને પ્રસન્ન હૃદયવાળો થઈ તરત જ પરમ શ્રાવક થયો. તે અરસામાં મહાપુર નગરનો રાજા અપુત્ર મૃત્યુ પામ્યો. ત્યાં મંત્રીઓએ કરેલા પાંચ દિવ્યવડે સોદાસને અભિષેક થતાં તે ત્યાંનો રાજા થયો.

સોદાસે પોતાના પુત્ર સિંહરથ પાસે એક દુત મોકલીને કહેરાવ્યું કે તુ સોદાસા આજ્ઞા માન્ય કર.' દુતે જઈ તે પ્રમાણે કહ્યું એટલે સિંહરથે તે દુતનો તિરસ્કાર કરીને કાઢી મૂકયો. તેણે આવીને સોદાસને જે બન્યું હતું તે યથાર્થ કહ્યું સિંહરથ ઉપર સો· દાસ અને સોદાસ ઉપર સીહરથ એમ બન્નેએ યુદ્ધ કરવા માટે પ્રયાણ કર્યું માર્ગમાં બન્નેના સૈન્ય એકઠા થયાં એટલે યુદ્ધ શરૂ થયું છેવટે સોદાસે સિંહરથને જીતી લઈ, હાથે પકડી. તેને બંને રાજ આપી પોતે દીક્ષા લીધી.

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સતા અને જૈન સતીઓ

લેખક : **વકીલ ડાયાભાઈ મોતીચંદ**

જૈનોમાં ઘણા સતા એટલે સત્પુરૂષો અને ઘણી સતીઓ એટલે સત્સ્ત્રીઓ થઈ ગયા છે. સતા એટલે સત્પુરૂષો સતીઓ એટલે સત્સ્ત્રીઓ એવા સાધારણ અર્થો થાય છે, જૈન તેમજ જૈનેતર ધર્મમાં સતાઓ કરતાં સતીઓને અને સતી ધર્મનું પાલન માટે બહુ મહત્વ આપવામાં આવ્યું છે તેનું ખાસ કારણ મારા જેવાને તો બહુ સમજવામાં ઉતરતું નથી, બ્રહ્મચર્ય અથવા મૈથુન ત્યાગ દરેક પુરૂષ માટે અને સ્ત્રી માટે પ્રતીપાદન કરવામાં આવ્યા છે અને એક પતીવ્રત સ્ત્રીઓને માટે જેટલું જરૂરી છે તેટલું એક પતીવ્રત પુરૂષો માટે જરૂરી છે તેના પાલન વગર આ સંસાર સુખી અને આબાદ બની શકતો નથી, એ વૃતોના પાલન વગર આ સંસારમાં દરેક નાના મોટા ગ્રહોમાં કજીઆ કંકાસ અને વીખવાદો જોવામાં આવે છે આ કલીયુગમાં અને આ ચાલતા જમાનામાં એવા વીવાદો વીશેષ પ્રમાણમાં જોવામાં આવે છે અને તેને લીધે છુટાછેડા ફારગતીઓ અને નાતરાઓ વિ, વિશેષ પ્રમાણમાં થવા લાગ્યા છે, અસલના જમાનામાં એવી છુટછાટો, જ્ઞાતીઓ તરફથી આપવામાં આવતી નહોતી તેથી સુખે દુઃખે પરિણિત યુગલ પોતાની જીંદગી યેનકેન પ્રકારેણ પૂરી કરતા હતા આપઘાત તથા છુટાછેડાના કવચીતજ દાખલા બનતા.

તેમાં હિંદુ ધર્મમાં વીધવાને પુન લગ્નનું પ્રતીપાદન કરવું તેથી કાયદાઓ ફારગતી અને છુટાછેડાના કાયદા અમલમાં આવ્યા. ત્યારથી તો એ કાયદાઓનો લાભ લેવામાં આવે છે લગ્નના હકો ભોગવવાનું હુકમનામુ થાય તો પણ તેની કાયદા પ્રમાણે બજાવણી થઇ શકતી નથી અને જબર જસ્તીથી સ્ત્રીને પકડીને વેલીફો સાસરામાં સોંપી શકતઃ નથી આવા કાયદાઓના ગેરલાભ લઈને પરણિત યુગલ એક બીજાથી જુદા પડી શકે છે અને બીજુ લગ્ન કરી શકે છે એ વીષય અમે બંધ કરી આપણે મૂળ વીષય ઉપર આવીએ જૈન શાસનમાં ભરહેસર બહુબલી સમીપ સઝાય સતા સતીઓની બીજી સમીપે અને ખાસ કરીને ઉદયરત્ન વી, ના બનાવેલા છે, સોળ સતીઓની સઝાય વિ; માં મુખ્યત્વે જૈન સ્તા અને સતીઓનાં નામો આ છે, અને તેના ગુણગાનો તથા સ્તુતિઓ વિ, કરે છે "જૈનેતરોમાં પણ અનેક સતીઓ (સતાઓ કરતા વિશેષ) થઈ ગયાના દાખલાઓ મોજુદ છે અને તેના ઉપર અનેક કથાઓ અને આખ્યાનો વિ, રચાયેલ આપણા જોવામાં આવે છે'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનો અને જૈનેતર સતીઓમાં થઈ ગયેલા થોડા ઘણા ફેરફાર જોવામાં આવે છે. પરંતુ જૈન આચાર્યોને વિ. એ જૈનેતર સતીઓના પણ યશોગાન અને ગુણગાન ગાયા છે. પરંતુ દીલગીરી સાથે લખવું પડે છે જૈનેતરોએ જૈન સતીઓના ગુણ-ગાન વિ. તેના પ્રમાણમાં ગાયા નથી. ભરહેસરમાં બાહુબલીની સઝાય એવા ત્રેપન સતાઓમાં અને પચાશ ઉપરાંત સતીઓના નામમાં જૈનેતરોના ઘણા નામો જોવામા આવે છે એના ઉપર આપણા કોઈ લાભાર્થે (જેનું નામ અત્યારે યાદ નથી) વૃતિ અથવા સહિતા—ટીકા—સંસ્કૃત ભાષામાં કે માગધી ભાષામાં લખી છે તેના ગુજરાતી ભષાંતરો પણ થયા છે એ ઉપરાંત સજ્ઝયમાળાના પુસ્તકોમાં જુદા જુદા આચાર્યો વિ. ની બનાવેલી એવા સતાઓ અને સતીઓની જુદી જુદી સઝાયો રચી છે સતાઓ કરતા સતીઓની સઝાયો વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. સતી સીતા સતી દમયંતિ. વિ નેતર સતિઓની સઝાયો જોવામાં આવે છે.

જો હું ભૂલતો ન હોઉ તો કૃષ્ણની પટ્ટરાણીઓની પણ ગણતરીઓ સતિ-ઓમાં કરવામાં આવી છે. સતાઓમાં પણ ભરત બાહુબલી વિ. જેવા રાજવી તથા શ્રાવકોમાં સુદર્શન શેઠ અને સાધુઓમાં સ્થુળીભદ્ર જેવા સાધુઓની અને સાધ્વીઓમાં સ્થુળીભદ્રની સાતે બહેનોની પણ સાથે ગણના કરવામાં આવી છે. એવા સતા સતીઓ ઉપર અત્યાર સુધીમાં જુદા જુદા પુસ્તકો ખાસ કરીને રચિત અને શાસ્ત્રો પણ આપણા જોવામાં આવે છે ચરિત્રો મુળમાં પછી સંસ્કૃતમાં પછી ગુજરાતીમાં રચાયા લાગે છે તેના ઉપરથી પાછળના ભાગમાં જૈન રાજાઓ અને રચનાઓ એવા સતા સતીઓની થયેલી આપણા જોવામાં આવે છે. પુરૂષને બહુ પત્ની કરવાનો રીવાજ રાજ રજવાડામાં અને અમુક ઉચ્ચ કહેવાતા કુટુંબોમાં જોવામાં આવતો હતો જયારે સ્ત્રીઓને તો અસલથી જ એક પતિવ્રત પાળ-વાનો ઉપદેશ આપવામાં આવતો. પરંતુ પાછળથી જ ઘાંચી જેવી કોમોએ પુનલગ્ન અને નાત્રાની છુટી આપી અને અત્યારના કાયદા પ્રમાણે પણ એક પતિ મરી ગયા પછી પુન લગ્ન કરી શકે છે. જમાનો જમાનાનું કામ કરે છે.

"સમાપ્ત"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઓઘાની હરીયાળી

'ઓઘો' એ જૈન સાધુ–સાધ્વીનું એક મહત્વનું અને આવશ્યક ધર્મપ્રકરણ છે. સાર્થ ગુજરાતી જોડણી કોશમાં એને માટે સંસ્કૃત શબ્દ 'ઓઘ' અને પ્રાકૃત દ્રશ્ય શબ્દ પ્રશ્નાર્થ પૂર્વક 'ઉગ્ઘાય' અપાયા છે. સાથે સાથે 'ઓઘો' શબ્દના નિમ્નલિખિત ચાર અર્થ અપાયા છે.

(૧) ઓઘ, ગંજી (૨) મેટો ફગ ફગતા વાળનો જથ્થો (૩) જમણુ જમનારો મોટો સમૂહ (૪) જૈન રજોયણો–:

'રજોયણો' તે 'રજોયહરણ' તરીકે સુપ્રસિદ્ધ છે.

**કર્તા**—ઓઘાની હરીયાળીના અંતમાં કર્તાએ 'રવિ' નામનો નિર્દેષ કર્યો છે. આ નામ તેમજ પ્રસ્તુત કવિ એ બેમાંથી એકનો ઉલ્લેખ જૈન ગુર્જર કવિઓમાં તો જણાતો નથી.

એ સો એક વર્ષથી વિશેષ પ્રાચીન હોય એમ લાગતું નથી આ કૃતિ વિષે હાલ તુરત વિશેષ ન કહેતા એ નીચે મુજબ ત્રીસજણાય સન્દોહ (પૃ. ૪૧)માંથી હું આભાર ઉધૃત કરું છું. કે જે શ્રી પાર્શ્વચન્દ્રસૂરી જ્ઞાનમંદિરથી તરફથી પ્રકાશિત છે:–

સુગુણ નર ? એ કોણ પુરુષ કહાયો:
મુજ દેખ હાસે શુખ પાયો.... ૧ સુગુણ૦

નિર્મળ તનુ બહુ નારી મળીને, પુરૂષ એક બનાયો;
માતાપિતા વિણ બેટો જાયો, સકળ જંતુ સુખદાયો. ૨ સુગુણ૦

હાથ પગ દિશેના ઉનકા, શિર પર કેશ ન સોહે;
ખાવે ન પીવે ન નિંદ્રાલેવે, તોયે પુષ્ટ દેખાયો. ૩ સુગુણ૦

ધોતી ઝભ્ભો, કોટ ન પહેરે, ખંભે પછેડી નદીશે;
મસ્તકે મુગટ નહિ ગુણે ભૂષણ, તોય રૂપ વિશેષ. ૪ સુગુણ૦

નયન રહીત નિત્ય યત્ના કરતો, જીવદયા નિત્ય પાળે;
નર–નારી શું રંગે રચતા, દુર્ગતિ દોષ નિવારે, ૫ સુગુણ૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવ-ગુરૂ ચરણે સદા નમતો, સુમતિ કે મન ભાવ્યો;
કુમતિ કુદારાકો કાજ સરે નહી યોગીકે પાસ રહાયો. ૬ સુગુણ૦

હોય અક્ષર છે સુન્દર એના અનુભવલીલા વરજો,
રવી કહે સહુ સજ્જન જનને અર્થ લઇ આદરજો. ૭ સુગુણ૦

લે પ્રો હીરાલાલ ર. કાપડીયા એમ એ

"સમાપ્ત"

## —: પંચ પરમેષ્ઠિ ભગવંત :—

| | | |
|---|---|---|
| | ૨<br>નમો સિદ્ધાણં | |
| ૩<br>નમો આયરિયાણં | ૧<br>નમો અરિહંતાણં | ૪<br>નમો ઉવજ્ઝાયાણં |
| | ૫<br>નમો લોએસવ્વ સાહુણં | |

**એસો પંચ નમુક્કારો, સવ્વ પાવ પ્પણાસણો;**
**મંગલાણં ચ સવ્વેસીં, પઢમં હવઇ મંગલં.....**

"મુનિ ચરણવીજયજી"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુમોદનીય સમાચાર

શ્રી પાલીતાણા શ્રી શંત્રુજય ગિરિરાજની શીતળ છાયામાં છેલ્લા ત્રેપન વર્ષથી ધામીક શીક્ષણ અને સંસ્કાર ઘડતર માટે અવિરત પ્રયત્નો કરતી એક આદર્શ સ્ત્રી શિક્ષણ સંસ્થા **શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ પાલીતાણાના** સુપ્રિન્ટેન્ડેન્ટ બહેન શ્રી **કુ. જ્યોત્સનાબેન ચીમનલાલ શાહ** (રાજકોટવાળા) તથા સંસ્થામાં ધાર્મિક અભ્યાસ કરતા કુ. **ગુણવંતીબેન મનસુખલાલ માથુકીયા** (ભીમડાદવાળા) આ બન્ને બહેનો અમદાવાદ ખાતે પૂ૦આ૦ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયના પૂ. સાધ્વી શ્રી લાવણ્યશ્રીજી મ૦ પાસે વી. સં. ૨૦૩૩ ના વૈશાખ વદી ૧૩ ને રવીવાર તા. ૧૫-૫-૭૭ ના પરમ પવિત્ર **શ્રી ભાગવતી દીક્ષા** અંગીકાર કરશે.

સંસ્થાના છેલ્લા પાંચ દાયકાના ઇતિહાસમાં દીક્ષાનો આ પ્રસંગ અપૂર્વ છે. અત્યાર સુધીમાં સંસ્થાના ૩૫ જેટલા બહેનોએ સંયમ ધર્મ સ્વીકાર્યો છે અને હજુ વધુ ચાર બહેનો આવતી સાલ માગસર માંસમાં દીક્ષા અંગિકાર કરવાના છે. **સર્વ વિરતી તરફના સંસ્થાના બહેનોના આ મહા પ્રયાણની ભુરી ભુરી અનુમોદના.**

## સમાચાર

પાલીતાણા શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ સંસ્થાના સુપ્રિન્ડેન્ટેન્ટ બહેનશ્રી કુ. **જ્યોત્સનાબેન ચીમનલાલ શાહ** અમદાવાદ ખાતે પુ૦ આ૦ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ૦ ના સમુદાયના પુ૦ સાધ્વીશ્રી **લાવણ્યશ્રીજી મ૦** માસે વૈશાખ વદી ૧૩ ને રવીવારના શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરવાના હોઈ તેમનું બહુમાન કરવા એક સમારંભ શીહોર નીવાસી શેઠ શ્રી જયંતીલાલ મોહનલાલ શાહના પ્રમુખ સ્થાને તા. ૨૦-૪-૭૭ ને બુધવારે રાત્રીના આઠ વાગ્યે સંસ્થાના સેન્ટ્રલ હોલમાં યોજાયેલ છે.

કાર્યક્રમનો પ્રારંભ સંસ્થાના બહેનોના માંગલીક કાવ્ય સ્તુતિથી થયો. બહેનોએ રજુ કરેલ સ્વાગત ગીત પણ અસરકારક રહયું. સંસ્થાના સ્થા. સેક્રેટરી શ્રી સોમચંદ ડી. શાહ, ધરમશીભાઇ વોરા, કપુરચંદ વારૈયા, વેણીલાલ દોશી, માણેકલાલ બગડીયા, મોહનભાઈ શાહ, રમણીકભાઇ શાહ, વસંતભાઈ ગાંધી, વસંતબેન શાહ, કુ ઈલાબેન બાવચંદ, કુ. કીરણબેન આદી વક્તાઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યા દીક્ષાર્થી કુ. જ્યોત્સનાબેન પણ '**સયંમ પંથે પ્રયાણ...**' એ વિષય પર ખુબજ મનનીય પ્રવચન કર્યું સંસ્થા તરફથી દીક્ષાર્થી કુ. જ્યોત્સનાબેનને કુમકુમ તીલક કરી ફુલહાર પહેરાવી હાથમાં શ્રીફળ આપી રૂા. ૧૧૧૧/ અર્પણ કરવામાં આવ્યા, સ્ટાફના ભાઇ બહેનો તથા વિદ્યાર્થી બહેનો તરફથી પણ રૂા. ૫૨૧/ દીક્ષાર્થે બહેનને અર્પણ કરવામાં આવ્યા. આભાર દર્શન માણેકલાલ બગડીયાએ કર્યા બાદ કાર્યક્રમની પુર્ણાહુતી થયેલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજ પ્રસાદી

લે. અમર

૭૦ દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સુક્ષમ છે, નિગ્રંથ પ્રવચનનું રહસ્ય છે. શુકલ ધ્યાનનું પરમ કારણ છે. શુકલ ધ્યાનથી કેવળજ્ઞાન સુમૂત્યુથી થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યણુ યોગની પ્રાપ્તિ થાય છે. દર્શન મોહનો અનુભાગ ઘટ-વાથી અથવા નાશ પામવાથી વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહાપુરૂષના ચરણ કમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરીણમે છે. જેમ જેમ સંયમ વર્ધ-માન થાય છે. તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરીણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ સમ્યગ્ દર્શનનું નિર્મલત્વ છે, તેનું કારણ પણ દ્રવ્યાનુયોગ છે.

૭૧. ગ્રહવાસનો જેને ઉદય વર્તે છે, તે જો કંઈ પણ શુભ ધ્યાનની પ્રાપ્તિ ઇચ્છતા હોય તો તેના મુળ હેતુ સેવા અમુકં સદ્વર્તન પુર્વક રહેવું યોગ્ય છે. જે અમુક નીયમમાં ન્યાય સંપન્ન સાજી વિશ દીવ્ય વહાર તે પહેલો નીયમ સાધ્ય કરવો ઘટે છે એ નિયમ સાધ્ય થવાથી ઘણા આત્મગુણો પ્રાપ્ત કરવાનો અધીકાર ઉત્પન્ન થાય છે.

૭૨. પ્રાણી માત્રનો રક્ષક બંધવ અને હીતકારી એવો કોઇ ઉપાય હોય તો તે વિતરાગનો ધર્મ જ છે. સંતજનો જીનવરેન્દ્રોએ લોકાદી જે સ્વરૂપ નીરૂ-પણ કર્યા છે, તે અલંકારીક ભાષામાં નિરુપણ કર્યા છે. પુર્ણ યોગાભ્યાસ વીના જ્ઞાન ગોચર થવા યોગ્ય નથી માટે તમે તમારા અપુર્ણ જ્ઞાનને આધારે વીતરાગના વાકયોનો વિરોધ કરતા નહિ પણ પોતાનો અભ્યાસ કરી પુર્ણતાએ તે સ્વરુપના જ્ઞાતા થવાનું રાખજો.

૭૩. નિજ કલ્પનાએ જ્ઞાન, દર્શન ચારીત્રનું સ્વરૂપ ગમે તેમ સમજી લઇને અથવા નીશ્ચયાત્મક બોલો શીખી લઈને સદવ્યવહાર લોપવામાં જે પ્રવર્તે, તેથી આત્માનું કલ્યાણ થવું સંભવતું નથી, અથવા કલ્પિત વ્યવહારના દુરાગ્રહમાં રોકાઈ રહીને, પ્રવર્તતાં પણ જીવને કલ્યાણ થવું સંભવતુ નથી.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહા સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

૭૪. આત્મ સાધન દ્રવ્ય હું એક છું, અસંગ છું. સર્વ પરભાવથી મુક્ત છું ક્ષેત્ર અસંખ્યાત નીજ અવગાહના પ્રમાણ છું કાળ અજર–અમર શાશ્વત છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું, ભાવ શુદ્ધ ચૈતન્યમાત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું,

૭૫. નાના પ્રકારના તપ, નાના પ્રકારના પ્રમાણ નાના પ્રકારની ભ્રગજાળ નાના પ્રકારના અનુયોગ, એ સઘળા લક્ષણ રૂપ છે, લક્ષ એક સચિન્દાનંદ છે. દૃષ્ટિ વીષ ગયા પછી ગમે તે સાસ ગમે તે અક્ષર, ગમે તે કથન, ગમે તે વચન ગમે તે સ્થળ પ્રાયે અહીતનું કારણ થતું નથી.

૭૬. ચિદધાતુમય, પરમશાંત, અડગ એકાગ્ર એક સ્વભાવમય, અસંખ્યાત પ્રદેશાત્મક, પુરૂષાકાર ચિંદાનંદઘન તેનું ધ્યાન કરો, જ્ઞાના વરણિય દર્શના વરણીય મોહનીય અંતરાયનો આત્મતિક અભાવ પ્રદેશ સંબંધ પામેલા પુર્વ નિષ્પન્ન સત્તા પ્રાપ્ત, ઉદયપ્રાપ્ત ચાર એવા નામ ગોત્ર આયુ વેદનીય વેદવાથી અભાવ જેને છે એવું શુદ્ધ સ્વરૂપ જીન ચિદમૂર્તી, સર્વ લોકા લોક ભાષક ચમત્કારતું થાય. વિશ્વ અનાદી છે, જીવ અનાદી છે. પરમાણુ પુદગળો અનાદી છે. જીવ અને કર્મના સબંધ અનાદી છે. સંયોગી ભાવમાં તાદાત્મય અધ્યાસ હોવાથી જીવ જન્મ મરણાદી દુઃખોને અનુભવે છે. (ક્રમશઃ)

## —સ્વર્ગવાસ—

પ્રાતઃ સ્મરણીય પરમપૂજ્ય શાક્ષર શાહ ચતુરભુજ હરજીવનદાસનું તારીખ ૩૦–૪–૭૭ના શનીવારના રોજ દુઃખદ અવસાનની નોંધ લેતા દુઃખ અનુભવીએ છીએ. તેઓ આપણાં જૈન ધર્મ પ્રકાશમાં આવતા કાવ્યો તથા પદોના રચયીતા હતા. તેઓના સ્વર્ગવાસથી સભા એ એક કવીરત્ન ગુમાવેલ છે, શાસનદેવ તેમના આત્માને શાંતિ અર્પો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વમાન્ય ધર્મ

લેખક : શાહ ચતર્ભુજ હરજીવનદાસ

ચડતી સાચી સદગુણે,
પડતી એ દુર્ગુણ,
ચડતી પડતી ધનમાં નહી,
અનુભવ એ મૂળ. ૨૩૩

ક્લેશ કંકા શો જ્યાં હશે,
ભાગ્ય બને ભગવાન,
ભાંગી સુખ દુઃખ ઉભા કરે,
અક્કલના હેવાન. ૨૩૪

પશુ પ્રકૃતી જ્યાં હશે,
ત્યાં બુદ્ધિ મનુષ્ય ગણાય,
લાભ સવાયા સૌ ભજે,
પણ ઘંટીમાં દળાય. ૨૩૫

કરકસર કરીએ સદા'
ભાગે કંજુસાઇ,
કંજુસાઈ કરીએ કદાઇ,
કરકસર મરે ચગદાઇ. ૨૩૬

હીંસા બગણે મુડીતણો,
બક્ષિસ આપે લાખ;
એવી કરકસર તણો,
અનુભવ લઇને ચાખ. ૨૩૭

હીંસા બગડે મુડી તણો,
બક્ષિસ આપે રાખ,
એવી કંજુસાઈ તણો,
અનુભવ કુવે નાખ. ૨૩૮

ઉદારપણું જો રાખીયે,
ઉડાવ પણું રખાય,
ઉડાવ પણું જો દાખીયે,
ઉદાર પણું નિંદાય, ૨૩૯

પેટ બાળે પોતા તણું,
પરતુ પોષવા પેટ,
ઉદાર એ અવતારને,
ટેક રહે જગ નેક, ૨૪૦

ચારો લઇ પંખી ઉડે,
નીજનું ભરવા પેટ,
એવા ઉડા ઉજન કહે,
બન્યા અમે તો શેઠ, ૨૪૧

સ્વતંત્ર સ્વરાજ ભોગવે,
સ્વછંદ બને ગુલામ,
પરશિક્ષાએ ચાલીએ,
નીતી તણું નવ ધામ. ૨૪૨

સ્વછંદ સ્વતંત્ર એક પણ,
કારણ કાર્ય ફેર,
અભ્યાસ અનુભવ એક પણ,
પથ્ય કુપથ્ય સમવેર. ૨૪૩

ગુલામી ચાહે શેઠને,
સેવા હોય સ્વતંત્ર,
સેવક શેઠ ગુલામ છે.
પરસ્પરમાં પરતંત્ર. ૨૪૪

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉત્તમ સંપત્તિ : ચારિત્ર

લેખક : ( ડહેલાવાળા )

પૂ. પં. ધર્મ વિ-મ-ના શિષ્ય આચાર્ય દેવશ્રી અશોકચન્દ્ર સૂરિશ્વરજી. મુંબઇ લોકો કહે છે કે આજે અમુક વર્ગ ખૂબ કમાયો છે, અમુક લોકો એ અઢળક સંપત્તિ ભેગી કરી છે, અમુક લોકોની સુખ સાહ્યબીમાં વધારો થયો છે. એ ખરું, પરંતુ તેથી મને જરાપણ આનંદ ઉપજતો નથી, વૈજ્ઞાનિક શોધ ખોળને પરિણામે અનેક જાતની સગવડો વધી છે, એ પણ ખરું, પરંતુ તે મારે મન મહત્વની વાત નથી, હું તો તમોને એક જ પ્રશ્ન પુછવા માગું છું. કે માણસ સમાજ કે રાષ્ટ્રના ચારિત્રમાં કેટલો વધારો થવા પામ્યો છે? મારે મન કોઇ મહત્વની બાબત હોય તો આ છે, અન્ય નહિં.

પૈસો અમુક વ્યકિત પાસે વધે, તો અન્ય વ્યક્તિને તેટલા પ્રમાણમાં આર્થિક મુશ્કેલી અનુભવવી પડે છે, પાસે પાસે બે કુવા હોય, અને બંનેની સરવાણી એક જ હોય, તો એક કુવામાં પાણી વધે, તો તેટલા પ્રમાણમાં બીજા કુવાનું પાણી ઓછું થવાનું પૈસાનું પણ તેવું જ છે, મુઠ્ઠીભર વ્યકિતઓના હાથમાં પૈસા જાય તો બાકીની વ્યકિતઓને આર્થિક મુશ્કેલી ઉભી થવાની જ તેમાં આનંદ શો હોઈ શકે!

આ વાતમાં આનંદ થવાને બદલે દુઃખ ઉદ્ભવે તેમ છે, કેમ કે બીજા વિશ્વયુદ્ધમાં લોકોના ચારિત્રનું, નીતિ અને પ્રમાણિતાનું ધોરણ જેટલું નીચું ગયું છે, તેટલું કદી ગયું નહોતું કોઈપણ દેશની ઉન્નતિનો આધાર, તે દેશની સમૃદ્ધિ પર નથી, પરંતુ તે દેશના ચારિત્રના ઉચ્ચધોરણ પર ઉન્નતી નિર્ભર છે, એટલે મારી પાસે મહત્વનો કોઈ પ્રશ્ન હોય તો આ છે, દેશ ચારિત્રની બાબતમાં વિકાસ સાધી રહેલ છે કે નીચે ઉતરતો જાય છે? આ પ્રશ્ન પરથી જ દેશની ઉન્નતિ કે અવનતિ નક્કી કરી શકાય છે, જે દેશ પૈસાને જ મહત્વ આપે છે અને અર્થ પ્રાપ્તિના પ્રયત્નમાં ચારિત્રનીતિ કે પ્રમાણિકતા ગુમાવી બેસે છે, તે દેશ ઉન્નતિને માર્ગે નથી જઇ રહેલ પરંતુ અવનતિને માર્ગે જઈ રહેલ છે. એમ હું માનું છે! માટે આપ સૌને કહેવાનું છે તે એ છે કે આપ કોઇ પણ બાબત કરતાં ચારિત્રને વધુ મહત્વ આપજો અને ચારિત્રના ભોગે કોઇ પણ વસ્તુ મેળવવાનો પ્રયત્ન કરશો નહિ.

પાશ્ચિમાત્ય અર્થપ્રધાન સંસ્કૃતિની અસર હિંદ પર થઈ તે પહેલાં ભારતમાં ચારિત્રનું સ્થાન પ્રધાનપદે હતું અને લક્ષ્મીનું સ્થાન ગૌણ હતું ગમે તેટલી આર્થિક મુશ્કેલી અનુભવતી વ્યકિતપણ મુશ્કેલીઓ સહન કરતી. પરંતુ ચારિત્ર ગુમાવવા કે વેચવા કદી તૈયાર થતી નહોતી નીતિ અને પ્રમાણિક્તા વડે મેળવેલું ધન સામે નજર સરખી પણ કોઈ નાખતું નહિં. આ હતો આપણો પૂરાણો આદર્શ, પરંતુ આજે તે ભુલાઈ ગયો છે.



(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. Reg G B V-37

લથડતા પાપ રસ્તામાં, ધડકતું કંપતું હૈયું,
મીચાતી આંખ ઉઘાડો જીગરમાં કાંઇક દયા રાખો.

## પ્રભુ કે આશા

ભલાની બહુ ભલાઈમાં, ભરી આખર બુરાઈ છે,
બુરાઇની વડાઇમાં, અમે દીઠી ભલાઇ છે........

બહુ બુરી દશામાંથી, ફુટે ઉત્કર્ષના કિરણો,
થતી પુરી સકલ રાત્રિ, ઉદયની ત્યાં વધાઈ છે,

ઉછળતી પૂર્ણ છોડો ત્યાં, કિનારે આવતો પાસે,
વધુ બે ચાર મોજા વેડતા ફતેહ સમાઇ છે...

બુઝાતો દીપ તે અંતે, જણાયે તેજમાં વધતો,
વધીને ઝાડની ડાળી, વધી આખર સૂકાય છે,

હજારો દાખલા દીઠા, પ્રણામો શાસ્ત્રના જોયા,
છતાં શાસન હિ ખોયા, ખરેખર ઇ નવાઇ છે.

ધરીને ધૈર્ય વધતું છે, થશે પુરી પ્રભુ ઈચ્છા
તજાના અંતરે શ્રદ્ધા, લધી આશા હવાઈ છે....

રહે શ્રદ્ધા તપે આશા, મિમાંશા થાય આત્માની
હમારી જીંદગી ભરની, ખરેખર એ કમાઈ છે....

'વસંત'

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ, ખારગેટ-ભાવનગર.

For Private And Personal Use Only